Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

# વ્યોમ

શિતલ જેન્તીલાલ જોશી
અંજાર કચ્છ
Mob.9825495316
Mail- shitalthakur2610@gmail.com

જીવન ને જીતવા હાર સુધી પહોંચ્યા છીએ,

સુખ ને મેળવવા હર દુઃખ અનુભવ્યા છીએ.

ખોટી લાગણી ને સાચો સ્નેહ સમજી બેઠાં છીએ,

ને સાચા પ્રેમને અલવિદા કહી આવ્યા છીએ.

મૃગજળ મેળવવા તપસ્યા કરી રહ્યા છીએ,

ને અમૃતજળ ને ઝેર સમજી બેઠાં છીએ.

દીવા સ્વપનો ની ઝંખના કરીએ છીએ,

ને સાચી હકીકત થી દૂર ભગીએ છીએ.

અશ્રુ ને સંતાડવા નો પ્રયાસ કરીએ છીએ,

ને બનાવેલું સ્મિત સૌ ને અર્પીએ છીએ.

મન નાં બધા મોજશોખ ને ભૂલીએ છીએ,

ને એમનો શોખ શોધવા નો પ્રયાસ કરીએ છીએ.

વ્યોમ ધરતી ને મેળવવા પ્રયત્ન કરે છે,

ને અમે વ્યોમ ને પામવાની રાહ જોઈ રહ્યાં છીએ.